મે ૨૦૦૯ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

અક્રમ એક્સપ્રેસ

એડજસ્ટ એવરીવ્હેર



અક્રમ એક્સપ્રેસ

એડજસ્ટ એવરીવ્હેર

અનુક્રમણિકા

દાદાજી કહે છે........................... ૧
મિહીર કેમ વ્હાલો...?................... ૨
આ તો નવી જ વાત!...................... ૪
ચાલો રમીએ............................. ૬
ખરો બળવાન............................ ૮
બાળકો સાથે પૂજ્યશ્રી.................. ૧૧
મીઠી યાદેં.............................. ૧૨
ઐતિહાસિક ગૌરવગાથાઓ.......... ૧૪
સીમંધર સીટીની ઝલક............... ૧૬
પઝલના જવાબો...................... ૧૭
મારી વાત.............................. ૧૮

બાળમિત્રો,

દરેકને પોતપોતાના જીવનવ્યવહારમાં નાના - મોટા એડજસ્ટમેન્ટ લેવાં જ પડતાં હોય છે. તમે પણ લેતા જ હશો. મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, મિત્રો બધા સાથે. અને જો ન લો તો ? ઢીશૂમ, ઢીશૂમ...

માટે જો જીવનમાં શાંતિ જોઈતી હોય તો એડજસ્ટ થયા વગર છૂટકો જ નથી. હવે એડજસ્ટ થવું એટલે શું ? કેવી રીતે થવું ? શા માટે થવું ? વગેરેની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ પાડી છે.

તો ચાલો, આપણે પણ 'એડજસ્ટ એવરીવ્હેર' સમજીએ અને દરેક અથડામણને ટાળીએ.

- ડિમ્પલ મહેતા...

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૯
સળંગ અંક : ૯
મે ૨૦૦૯

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Publisher,Editor & Printed,
Published from
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Print at:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાશ્રી કહે છે

એડજસ્ટ એવરીવ્હેર એટલે શું?

સંસારમાં બીજું કશું ના આવડે તેનો વાંધો નથી પણ 'એડજસ્ટ' થતાં તો આવડવું જ જોઈએ. સામો 'ડિસ્એડજસ્ટ' થયા કરે ને આપણે 'એડજસ્ટ' થયા કરીએ તો સંસારમાં તરી પાર ઊતરી જવાય. બીજાને અનુકૂળ થતાં આવડે, એને કોઈ દુઃખ જ ન હોય. દરેક જોડે 'એડજસ્ટમેન્ટ' થાય એ જ મોટામાં મોટો ધર્મ. આ કાળમાં તો જુદી જુદી કૃતિઓ, તે 'એડજસ્ટ' થયા વગર કેમ ચાલે ?

કોઈનીય જોડે મતભેદ ના પાડવા. કઢી ખારી થઈ તો થોડી ખાઈ લેવી. હા, કંઈ અથાણું યાદ રહે તો પાછું થોડું મંગાવવું કે અથાણું લઈ આવો પણ ઝઘડો નહીં, ઘરમાં ઝઘડો ના હોય. સુંવાળા જોડે તો સહુ કોઈ એડજસ્ટ થાય પણ વાંકા-કઠણ-કડક જોડે એડજસ્ટ થતાં આવડ્યું તો કામ થઈ ગયું. ગમે તેવો માણસ આવે તો પણ એની જોડે એડજસ્ટ થતાં આવડે, મગજ ખસે નહીં એ કામનું. ભડકે તો ચાલે જ નહીં. માટે એડજસ્ટ એવરીવ્હેર.

વ્યવહારમાં એડજસ્ટમેન્ટ લેવું, તેને આ કાળમાં જ્ઞાન કહ્યું છે. એડજસ્ટમેન્ટ તૂટતું હોય તો ય એડજસ્ટ કરી લેવું. આપણે એની જોડે ખરાબ બોલી ગયા. હવે, બોલી જવું એ આપણા હાથની વાત નથી. તમારાથી બોલી જવાય કે ના બોલી જવાય, કોઈ ફેરો? બોલી ગયા, પણ પછી તરત જ આપણને ખબર પડે કે ભૂલ થઈ. ખબર તો પડ્યા વગર ના રહે, પણ તે વખતે પાછા આપણે એડજસ્ટ કરવા જતા નથી એ, પછી એને તરત જ જઈને કહેવાનું કે, 'ભઈ, મારાથી તો તે ઘડીએ આવું ખરાબ બોલી જવાયું, ભૂલ થઈ ગઈ. માટે માફ કરજે.' એટલે એડજસ્ટ થઈ ગયું.

મિહીર કેમ વ્હાલો...?

નાનકડો મિહિર
બધાનો વહાલો.
ઘરમાં, બિલ્ડિંગમાં,
સ્કૂલમાં અને કુટુંબમાં.
જ્યાં જાય ત્યાં લાડકો.
જાણો છો એનું રહસ્ય?
ચાલો જોઈએ.

જૂની વસ્તુ સાચવીને વાપરે એ હંમેશાં, નવી માટે જીદ નહીં, રહે સદા ખુશમાં.
Guest775
જોયું મિત્રો, મિહિર કેમ છે સૌનો લાડકવાયો, સૌને એની સાથે ગમે, ન લાગે કોઈને પરાયો, શીખવે છે એ થઈ રહો જો એડજસ્ટ એવરીવ્હેર, દુઃખ કોઈ રહે નહીં ને કાયમ લીલાલહેર.
ું કાર્ટુન, ને ભાઈને જોવું પિક્ચર, ું છોડી દે, ભાઈને જોવા દે પિક્ચર.
સૌની વાતો માને, ને સૌનાં કામ કરે, કરે ન ઝઘડો કોઈની સાથે, હળીમળીને રહે.

આ તો નવી જ વાત!

બધામાં
ભળી જાય.

કોઇ પણ
પરિસ્થિતિમાં
ગોઠવાઇ જાય.

એડજસ્ટ એવરીવ્હેર એટલે શું?

બધાને અનુકૂળ થઇને રહે.

બધી જ જગ્યાએ એડજસ્ટ થઇ જાય.

ચાલો

૧

ચિત્રમાંથી નીચે આપેલી વસ્તુઓ શોધો.

૨

બેકી સંખ્યાના ચોકઠામાં રંગ પૂરી બંને મિત્રોને એકબીજા પાસે જવાનો રસ્તો કરી આપો.

		૬	૮	૧૯	૪૯	૧૧	૩૩
		૩	૧૨	૧	૯	૨૫	૨૧
૧૧	૨૭	૩૫	૨૦	૨૭	૩	૨૩	૪૯
૧૩	૧૫	૪૭	૧૪	૨૫	૧૭	૯	૧૩
૪૯	૨૪	૧૦	૮	૧૫	૩૬	૪૦	૫૦
૪	૩૦	૫	૭	૧૧	૩૪	૩૯	૪૪
૨૮	૧૯	૧૭	૧૮	૨૨	૨૬	૩૩	૮
૨	૧૬	૩૨	૪૨	૪૫	૨૫	૧૩	

રમીએ

૩ બે સરખા ચિત્રો શોધો.



૪

ખાલી ચોકઠામાં આંકડા પૂરવાના છે. આંકડા ૨ અને ૮ની વચ્ચેના હોવા જોઈએ. ઊભી, આડી અને બે ત્રાંસી હરોળનો સરવાળો નીચે અને જમણી બાજુ પર આપ્યો છે એ મુજબ આવવો જોઈએ.

						૩૨
	૬	૨	૨		૪	૨૩
૭		૪		૪	૩	૨૭
૪		૩	૭		૨	૨૧
૨	૬		૮	૪	૫	૩૦
	૮	૭	૩		૮	૩૮
૪	૮	૩	૩	૬		૨૯
૨૮	૩૮	૨૪	૨૫	૨૬	૨૭	૩૬

૫ મીંડા જોડી જૂઓ કયું ચિત્ર બને છે ?



૬ નીચેના ચિત્રમાં કેટલી ઘડિયાળ છે તે શોધી કાઢો.

ખરો બળવાન

ગોળમટોળ દેખાતા રાજુને રોજ બધા 'જોકર' કહી ચીડવતા. ધીમે ધીમે એને 'જોકર' સારા ન હોય એવું થઈ ગયું.

જોકર સારો કહેવાય? કઈ રીતે?
સમજાવું. જો આ રાજા છે ને, એ ફક્ત રાણી અને એક્કાની વચ્ચે જ એડજસ્ટ થાય. બીજે ક્યાંય ન ચાલે.
આ ગુલામ છે એ દસ્સા અને રાણીની વચ્ચે જ એડજસ્ટ થાય. બીજે ક્યાંય ન ચાલે.
એવી જ રીતે કોઈપણ પાનાને ગમે ત્યાં ન વાપરી શકાય. અમુક જ જગ્યાએ એનો ઉપયોગ કરી શકાય.

“ જે એડજસ્ટ એવરીવ્હેર થાય એ ખરો બળવાન કહેવાય.”

બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા : હું મમ્મીને ફ્રેન્ડની કંઈ પણ વાત કરું ને તો મારાથી નિંદા થઈ જાય છે, તો કેવી રીતે વાત કરવાની કે નિંદા ના થાય?

પૂજ્યશ્રી : નિંદા એટલે શું કે કોઈકની ભૂલો જ કાઢ કાઢ કરીએ એ. આપણામાં થોડી ભૂલ હોય અને થોડું સારું પણ હોય કે ના હોય ?

પ્રશ્નકર્તા : હા.

પૂજ્યશ્રી : તો આપણું સારું હોય એવું બધામાં સારું હોય. પણ આપણે ઊંધું જ જોયા કરીએ કે એ તો આજ ગુસ્સો કરતી હતી, એ તો વઢ-વઢ જ કરતી હતી, પેલા છોકરા સાથે તોફાન કરતી હતી, એ તો આવી છે, બહુ ખરાબ છે, જૂઠું બોલતી હતી. હવે આવું એકલું ઊંધું જ જોઈએ એનું નામ નિંદા કરી કહેવાય. હંમેશાં સવળું જોવું જોઈએ. એટલે પોઝિટિવ જોવાનું.

❀ ❀ ❀

પ્રશ્નકર્તા : મારો ભાઈ મને બહુ જ હેરાન કરે છે, મને મારે છે.

પૂજ્યશ્રી : તારાથી નાનો છે કે તારાથી મોટો છે?

પ્રશ્નકર્તા : નાનો છે.

પૂજ્યશ્રી : લે... તું તો મોટી કહેવાય. તારે થોડું મરાય?

પ્રશ્નકર્તા : હું મારું ને તો એ સામે મારે છે.

પૂજ્યશ્રી : આપણાથી ના મરાય, ભઈને સમજાવાનો, પટાવાનો, થોડો વાળવાનો. એનેય 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવા બેસાડી દેવાનો. અને આપણાથી કોઈને દુઃખ થાય તો આપણે પ્રતિક્રમણ કરવાનું, માફી માંગવાની.

પ્રશ્નકર્તા : પ્રતિક્રમણ એટલે શું ?

પૂજ્યશ્રી : આપણે પેન્સિલથી લખતા હોય અને ભૂલચૂક થઈ જાય તો ભૂંસી નાખીએ છીએ ને?

પ્રશ્નકર્તા : હા.

પૂજ્યશ્રી : એવું કોઈને દુઃખ થાય તો એની માફી માંગવાની. આપણે નક્કી કરવાનું કે મારે મનથી, વાણીથી ને વર્તનથી કોઈને દુઃખ આપવું નથી. કારણ કે બીજાને દુઃખ આપીએ તો આપણને દુઃખ ઉત્પન્ન થાય. બીજાને સુખ આપીએ તો આપણને સુખ મળે. તને સુખ ગમે કે દુઃખ ગમે ?

પ્રશ્નકર્તા : સુખ.

પૂજ્યશ્રી : તો આપણે બીજાને દુઃખ આપીએ તો આપણને દુઃખ આવે પછી.

❀ ❀ ❀

પ્રશ્નકર્તા : મને મારી મમ્મી-પપ્પા ઉપર પણ બહુ ગુસ્સો આવે છે.

પૂજ્યશ્રી : હા, તો આપણે નક્કી કરવું જોઈએ કે મારે કોઈને દુઃખ આપવું નથી અને છતાંય દુઃખ અપાઈ જાય, ગુસ્સો થઈ જાય, ભાઈને મરાઈ જાય, ચિડાઈ જવાય, બહેનપણીની જોડે ગુસ્સો થઈ જાય તો રોજ રાત્રે દસ મિનિટ બેસી માફી માંગવાની કે, 'હે દાદા ભગવાન, મારાથી આવી ભૂલ થઈ ગઈ, હું માફી માંગું છું. મને માફ કરો. આવી ભૂલ નહીં કરવાની શક્તિ આપો.' એવું કરજે રોજ, આનાથી ધોવાઈ જશે.



પ્રસંગ ૧

જાત્રાનો પ્રસંગ છે. બધા મહાત્માઓને બે હોટલમાં ઉતારા આપ્યા હતા. વ્યવસ્થાપક એક હોટલનું બધું કામ પતાવી બીજી હોટલમાં ગયા. જોયું તો એક મોટી ઉંમરના મહાત્મા ખૂબ ગુસ્સામાં ત્યાં નીચે જ બેઠા હતા. વ્યવસ્થાપકે એમને નીચે બેસી રહેવાનું કારણ પૂછતાં ખબર પડી કે એમના રૂમમાં બાથરૂમ નથી. આખી હોટલમાં એ એક જ રૂમ એવી હતી કે જેમાં બાથરૂમ ન હતો. વ્યવસ્થાપકને આ ખબર નહીં. હવે એ મહાત્માને ઉંમરને હિસાબે ઘડી ઘડી બાથરૂમ જવું પડે. એટલે એ તો એટલા બધા ભડક્યા કે તમારી વ્યવસ્થા નકામી છે, આમ છે, તેમ છે. વ્યવસ્થાપકે એમને વિનંતી કરી કે એક રાત કાઢવાની છે, કાઢી નાખો. તો એ કહે, ''હું એકેય રાત અહીંયાં નહીં કાઢું. તમે બીજા બધાને બીજી સારી રૂમોમાં રહેવા આપ્યું છે. મને તમે આવી રૂમ આપી. હવે હું આખી રાત રૂમમાં તો નહીં જ જઉં અને નીચે લોબીમાં જ બેસી રહીશ. તમનેય ખબર પડે કે તમે હોટલની વ્યવસ્થા બરાબર નથી કરતા.'' વ્યવસ્થાપકે કાકાને બહુ સમજાવ્યા પણ કાકા તો માન્યા જ નહીં. વ્યવસ્થાપક મુઝાયા. હવે શું કરીએ? જે રૂમ અપાઈ ગઈ છે તેમાંથી કોને કાઢીએ ? ને આમાં કોને મૂકીએ ? એટલે પછી નીરુમાને વાત કરી.

નીરુમાએ તરત જ કહ્યું, ''એક કામ કરો. અમે એ રૂમમાં જતા રહીએ છીએ જેમાં બાથરૂમ નથી અને એ કાકાને અહીંયા લઈ આવો. મારે રાતના બાથરૂમ જવું હશે તો હું બાજુમાં આપ્તપુત્રીઓનો રૂમ છે ત્યાં જઈ આવીશ. મને કાંઈ વાંધો નથી પણ કાકાને દુઃખ થાય એવું આપણે નથી કરવું. કાકા બિચારા મોટી ઉંમરના ક્યાં જાય? તમે એમને કહેતા નહીં કે નીરુમાએ એડજસ્ટમેન્ટ લીધું છે. એવું કહેશો તો કાકા નહીં જાય એટલે કશું બોલશો નહીં. ચૂપચાપ અત્યારે એ રૂમમાં મારો સામાન મૂકી દો અને આ રૂમ ખાલી કરી નવી બનાવી દો. જેવી હતી એવી.'' ના છૂટકે બીજો કોઈ ઉપાય ન સૂઝતાં નીરુમાના કહેવા પ્રમાણે ઝડપથી ગોઠવણ કરી દેવામાં આવી. ત્યારબાદ વ્યવસ્થાપકે કાકાને કહ્યું,'' કાકા, તમારી રૂમ મળી ગઈ છે. તમે ત્યાં આવી જાવ.''

'મને કાંઈ વાંધો નથી પણ કાકાને દુઃખ થાય એવું આપણે નથી કરવું.'

મીઠી

આમ રાતોરાત નીરુમાએ એડજસ્ટમેન્ટ લીધું અને પેલી બીજી રૂમમાં જતાં રહ્યાં અને પછી કાકા નીરુમાની રૂમમાં રહ્યાં. નીરૂમાએ કાકાને ખબર પણ પડવા ન દીધી કે પોતે આવું એડજસ્ટમેન્ટ લીધું છે.

પ્રસંગ ૨

એક જગ્યાએ પૂજ્ય નીરુમાનો પાંચ દિવસનો મોટો કાર્યક્રમ હતો. તેઓ જેમના ઘરે ઊતરવાના હતા એમનું ઘર બહુ નાનું હતું. વ્યવસ્થાપકોની ઈચ્છા હતી કે નીરુમા બીજાના ઘરે રહે તો એમને થોડો રેસ્ટ મળે, સગવડતા સચવાય. કારણ કે કાર્યક્રમ વધારે દિવસો સુધી હતો. બીજા ઘરવાળા તો પૂજ્ય નીરુમા તેમના ઘરે પધારે એટલે તૈયાર જ હતા. નીરુમાને પણ નરમ તબિયતના કારણે ઈચ્છા હતી કે બીજા ઘરે જઈએ પણ એમને ખબર હતી કે પેલા મહાત્માને દુઃખ થઈ જશે. એટલે નીરુમાએ વ્યવસ્થાપકોને જણાવ્યું કે આપણે પેલા મહાત્માને પૂછીને બીજા ઘેર જઈએ. વ્યવસ્થાપકોએ પેલા મહાત્માને કહેવડાવ્યું કે ''આપણે નીરુમાને બીજા ઘરે રાખીએ. આપણે તો કામથી કામ છે ને ! પૂજ્ય નીરુમાની સગવડતા સચવાય તે મુખ્ય છે, પછી તે ગમે તેના ઘરે રહે.'' પેલા મહાત્મા મોઢે હા યે હા કર્યા કરતા હતા પણ અંદર એમને બહુ જ ભોગવટો રહેતો હતો ને દુઃખી થતા હતા કે નીરુમા બીજાના ઘરે જતાં રહેશે. છેવટે એ મહાત્માનું દુઃખ જોઈને નીરુમા કહે, '' મને ઘર સાથે કંઈ જ લેવાદેવા નથી. મને કંઈ ફરક પડતો નથી, એને આટલું બધું દુઃખ થાય છે તો પછી આપણે એને ત્યાં જ રહીશું.'' બધા મહાત્માઓ કહેવા લાગ્યા, ''પણ નીરુમા તમારી તબીયત સારી નથી. ત્યાં ટોઈલેટ-બાથરૂમની તકલીફ છે.'' નીરુમા કહે, ''બધું એડજસ્ટ કરીશું. એને દુઃખ થાય છે એ અમને નથી ગમતું.'' છતાં એક-બે જણની ભાવના હતી કે નીરુમાને બીજા ઘરે લઈ જ જઈએ. નીરુમાએ કહ્યું, ''મારી એક વાત માનશો બધા? આપણે કોઈને હલાવવા નથી. આપણે આ કાર્યક્રમ પતવા દો. આપણે અત્યારે તપ નહીં કરીએ તો ક્યારે ઉકેલ આવશે ?'' આમ પૂજ્ય નીરુમા એ મહાત્માને ત્યાં જ રહ્યાં. એમની તબિયતની કોઈને ખબરેય ન પડવા દીધી અને પાંચ દિવસ શાંતિથી, પ્રેમથી એડજસ્ટ થઈને રહ્યાં.

જોયું મિત્રો, જ્ઞાનીઓ બીજાને દુઃખ ન થાય એ માટે કોઈ પણ જાતનું એડજસ્ટમેન્ટ લેવા તૈયાર હોય છે. ત્યારે તેઓ પોતાની જાતની પરવા કરતા નથી હોતા.

> ‘ આપણે કોઈને હલાવવા નથી. આપણે આ કાર્યક્રમ પતવા દો. આપણે અત્યારે તપ નહીં કરીએ તો ક્યારે ઉકેલ આવશે ? ’

યાદેં

ઐતિહાસિક ગૌરવગાથાઓ

ઋષભદેવ ભગવાન, વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર હતા, તેમના આગળના ભવોની વાર્તા સાંભળીએ. સમ્યક્ દૃષ્ટિ મળ્યા પછીના ચોથા ભવની આ વાત છે. સતબળ રાજા અને સ્વયંપ્રભા રાણીને ત્યાં બાળકનો જન્મ થયો. આ બાળકનું નામ રાખ્યું મહાબળ. નામની જેમ એમનામાં ખૂબ બળ હતું. એમણે ઘણી બધી વિદ્યાઓ પણ મેળવેલી. લાડકોડથી ઉછરેલા રાજકુંવર હવે યુવાન થયા. એમના માતા-પિતાને હવે વિશ્વાસ હતો કે મહાબળ રાજ સંભાળી લેશે. તેથી તેમણે ભગવાન પાસે દીક્ષા લીધી અને સાધના કરવા જંગલમાં ચાલી નીકળ્યા. આમ હવે મહાબળ રાજા બન્યા.

મહાબળ રાજાને પાંચ-છ મંત્રીઓ હતા. તેમાંના ફક્ત એક મંત્રી સ્વયંબુદ્ધ સિવાયના બધા મંત્રીઓ બહુ જ આડા રસ્તે હતા. એટલે કે ભોગ-વિલાસમાં રાચતા, મોજ-શોખમાં જીવન વિતાવતા અને એ બધાનો પ્રભાવ રાજા મહાબળ પર પણ પડ્યો અને રાજા પણ ભોગ-વિલાસમાં તરબોળ બન્યા. હવે રાજા આવા હોય તે રાજ્યમાં અંધાધૂંધી ફેલાય જ. આ બધું મંત્રી સ્વયંબુદ્ધથી સહન નહોતું થતું. સ્વયંબુદ્ધ મંત્રી ખૂબ જ સાત્વિક અને ધાર્મિક હતા. એમને સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. તેથી મોક્ષના જ ધ્યેય

"તમારા રાજાનું હૃદય પરિવર્તન થશે અને એ ખૂબ ઊંચા જીવ થશે. રાજા હવે માત્ર એક જ મહિનો જીવવાના છે"

સાથે જીવતા અને મંત્રી તરીકેની પોતાની ફરજો પણ બજાવતા.

એક દિવસ સ્વયંબુદ્ધ મંત્રી મુનિના દર્શન કરવા ગયા. આ મુનિને અવધિજ્ઞાન હતું. અવધિજ્ઞાન એટલે એમને ઘણા બધા કાળ પહેલાનું અને પછીનું બધું દેખાય. (સત્યુગમાં આવા જ્ઞાન સંભવિત હતા). મંત્રીએ મુનિને પોતાના હૃદયની વ્યથા કહી કે અમારા રાજા આવા છે તો રાજ્યનું શું થશે, એનો મને બહુ ભાર રહે છે. એટલે મુનિને તો અવધિજ્ઞાન વડે બધું દેખાય એટલે એમણે કહ્યું, ''તમારા રાજાનું હૃદય પરિવર્તન થશે અને એ ખૂબ ઊંચા જીવ થશે. રાજા હવે માત્ર એક જ મહિનો જીવવાના છે.'' આ સાંભળી મંત્રી, મુનિને નમન કરી તરત રાજા પાસે દોડ્યા.

ભરસભામાં જ રાજાને ઉપદેશ આપવા હિંમત કરી મંત્રીએ કહ્યું, ''હે રાજન, તમે આ ભોગ-વિલાસમાં પડ્યા છો, તે ખોટું કરી રહ્યા છો. આ બધું વિનાશી છે. આ બધાનો અંત આવવાનો છે. તમે પોતાના આત્મા માટે સાધના કરો.'' રાજાએ જવાબ આપ્યો, ''સાધના ઘૈડપણમાં કરીશ. હમણાં તો યુવાની છે. મને માણવા દો.'' મંત્રીએ રાજાને સમજાવવા મુનિ મહારાજની બધી વાત કરી. પોતાનું મૃત્યુ નજીક જ છે સાંભળી રાજા તથા બીજા મંત્રીઓ ચમક્યા. રાજાને પોતાના બધાં પાપો આંખ સામે તરવા લાગ્યાં. હવે કેમ છૂટાશે તેની મથામણ થવા લાગી.

સ્વયંબુદ્ધ મંત્રી જેને સમ્યક્ દૃષ્ટિ મળી'તી, તેમણે રાજાને સમજાવતા કહ્યું, ''રાજા, ચિંતિત ના થશો, આપણાથી જે જે પાપ થયાં હોય તે બધાનાં જો ખરા હૃદયના પસ્તાવા સાથે માફી માંગી લેવાય તો બધા પાપોમાંથી છૂટી જવાય તેમ છે.'' રાજાએ તો પાપનું પ્રતિક્રમણ શરૂ કરી દીધું. અને બધાને યાદ કરી કરીને માફી માંગીને છૂટી ગયા અને એક મહિના પછી મૃત્યુ પામીને દેવગતિમાં જન્મ પામ્યા.

માટે મિત્રો,

(૧) મોટા થઈને જ ધર્મ કરાય એવી માન્યતામાં ન રહેવાય, કારણ કે મરણ ગમે ત્યારે આવી શકે એમ છે.

(૨) થઈ ગયેલાં પાપોની ખરા હૃદયપૂર્વક માફી માંગીએ તો બધાં



તમને ખબર છે. આ આપણું સીમંધર સીટી વર્ષ ૨૦૦થી બંધાતુ આવ્યું હતું. સાધક આવાસોનો ફેઝ-૧ પછઈ ફેઝ-૨ પછી ફેઝ-૩... ગુરુકુળ, હોસ્પિટલ, વાત્સલ્ય, શીલ, સંયમ, સેવા, કલબહાઉસ, ઉણોદરી, સ્ટોપ એન સ્ટે, નિરાંત, ફૂડકોર્ટ અને સત્સંગ હોલ સાથેનું ભવ્ય ત્રિમંદિર... એક પછી એક નવા નવા બિલ્ડિંગો બંધાતા જ ગયા. અરે ભાઈ ! અહીંથી અટક્યું નથી, હજી તો પાછળ અંબા ટાઉનશીપમાં ખૂબ મોટું 'દાદાનગર' બંધાઈ રહ્યું છે !!! સીમંધર સીટીના બરાબર મધ્યમમાં એક રમણીય બગીચા અને વોકપાથ સાથેનું સુંદર લેક હમણાં જ ૨૦૦૯માં તૈયાર થયું. તા. ૨૫ એપ્રિલ ૨૦૦૯ના રોજ આ લેકના ઓપનીંગ નિમિત્તે સીમંધર સીટીમાં 'સીમંધર સીટી એન્યુઅલ મેલા'ની ઊજવણી કરવામાં આવી. આ લેક પર સાંજે ૬થી૧૦ વાગ્યા સુધી પૂજયશ્રી દીપકભાઈની હાજરીમાં આ વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું. લેક પર દાખલ થતી વખતે બધાને એક કેપ અને એક દાદાની (બ્રેસલેટ) બધાંને આપવામાં આવી હતી. લેક પરના એક નાનકડા હોજમાં શ્રી સીમંધર સ્વામી ભગવાનને બિરાજમાન કર્યા હતા. પૂજયશ્રીએ ત્યાં દીપ પ્રગટાવી આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. આખા લેક ફરતે સેકડો દીવાઓથી દીપકમાળ ઝળહળિત થઈ ઊઠી હતી. મહાત્માઓથી લેક આખો ઉભરાઈ ગયો હતો. એક બાજુવિવિધ રમતો ચાલતી હતી, તો એક બાજુ ચટપટુ સ્વાદિષ્ટ ભોજન હતું. મહાત્માઓ તો પાઉભાજી, ભેળ, ગુલાબજાંબું અને પુલાવનું મેનુ જોઈને તૂટી જ પડ્યા હતા ભાઈ ! લેકની એક બાજુગામડાનું દૃશ્ય ઉભું કર્યુ હતું, જયાં

સીમંધર સીટીની ઝલક

માટીના ઘડા બનાવાઈ રહ્યા હતા, તો એક બાજુ બધા 'ટેટુ' કરાવી રહ્યા હતા. અરે ! પૂજયશ્રી કરાવે એટલે મહાત્માઓની તો કયાં વાત જ કરાવી ? બધા જ 'ટેટુ' કરાવવા ઉમટી પડ્યા. કેટલાકે તો મોઢા પર કરાવ્યું હતું. એક બાજુ 'બુક માર્ક' બનાવવાનો સ્ટોલ હતો. એમાં બધાએ પોતપોતાની મનગનમતી ડિઝાઈન પ્રમાણે 'બુક માર્ક' બનાવ્યા. મેળો ભરાયો હોય એવું દૃશ્ય થઈ ગયું હતું. ત્યાર બાદ સરપ્રાઈઝઆઈટમ તરીકે પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી જયોતિન્દ્ર દવેના પુસ્તક પર આધારિત હાસ્યનાટક 'પ્રશ્નાર્થચિન્હ' અમદાવાદના કલાકાર નિસર્ગભાઈ, જીગરભાઈ અને પ્રિયંકરભાઈએ બહુ સુંદર રીતે રજૂ કર્યુ હતું. એ જોઈને બધા મહાત્માઓ પેટ પકડીને ખૂબ હસ્યા હતા. સીમંધર સીટીનો ઈતિહાસ દર્શાવતી સુંદર કવિતાઓ મહાત્મા રામભાઈએ ગાઈ સંભળાવી હતી. અંતમાં પૂજયશ્રીએ મહાત્માઓના નગર વિષે દાદાની ભાવના વ્યકત કરી અને ઉમેર્યુ કે આ સીટી વિષયનો છાંટો ન હોય એવું પવિત્ર સીટી, કષાય રહિત એવું જાગૃત સીટી અને અહંકારને ભેદ બુદ્ધિ રહિત એવું વીતરાગ સીટી થવું જોઈએ અને શરૂઆત 'નો નેગેટિવીટી ઈન સીમંધર સીટી' થી થવી જોઈએ.

જ્ઞાનીનું સાંનિધ્ય, મહાત્માઓની હાજરી અને દીપમાળાથી સુશોભિત લેકનું વાતાવરણ અદ્ભૂત લાગી રહ્યું હતું. અંતે દાદાઈ એન્થમ ગાઈને આ કાર્યક્રમની સમાપ્તિ થઈ.

પઝલના જવાબો

૨)

		૬	૮	૧૯	૪૯	૧૧	૩૩
		૩	૧૨	૧	૯	૨૫	૨૧
૧૧	૨૭	૩૫	૨૦	૨૭	૩	૨૩	૪૯
૧૩	૧૫	૪૭	૧૪	૨૫	૧૭	૯	૧૩
૪૯	૨૪	૧૦	૮	૧૫	૩૬	૪૦	૫૦
૪	૩૦	૫	૭	૧૧	૩૪	૩૯	૪૪
૨૮	૧૯	૧૭	૧૮	૨૨	૨૬	૩૩	૮
૨	૧૬	૩૨	૪૨	૪૫	૨૫	૧૩	

૩) ૪ અને ૫

૪)

						૩૨
૬	૬	૨	૨	૩	૪	૨૩
૭	૭	૪	૨	૪	૩	૨૭
૪	૩	૩	૭	૨	૨	૨૧
૨	૬	૫	૮	૪	૫	૩૦
૫	૮	૭	૩	૭	૮	૩૮
૪	૮	૩	૩	૬	૫	૨૯
૨૮	૩૮	૨૪	૨૫	૨૬	૨૭	૩૬

૬) ૮

મારી સમજણ

તમે સ્કૂલેથી સાંજે ઘરે આવો છો ત્યારે તમને ખૂબ ભૂખ લાગી છે. તમે જૂઓ છો કે મમ્મી હમણાં જ બહારથી આવ્યા છે. રસોઈ તૈયાર થઈ નથી. આવા વખતે તમે શું કરશો?

Akram Express
May 2009
Year : 1, Issue : 9
Conti. Issue No.: 9

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

સીમંધર સીટીમાં સ્પોર્ટસ વીક

સીમંધર સીટીના બાળકો પરીક્ષા સમાપ્તિની રાહ જોઈ રહ્યા હતા. પરીક્ષાના બોજાના કારણે નહીં પણ એના પછી ગોઠવાયેલ સ્પોર્ટસ વીકના કારણે આ વખતે સ્પોર્ટસ વીકમાં ઘણી નવી રમતો હતી જેમ કે રીલે રેસ, બેડમિન્ટન, સાયક્લિંગ, ખો - ખો અને એવરગ્રીન ક્રિકેટ.

આ સ્પોર્ટસમાં લીટલ અને યંગના બધા જ બાળકોએ ભાગ લીધો હતો. સવાર સાંજ રમાતી વિવિધ રમતોથી બધા ઉત્સાહમાં અને સ્ફૂર્તિમાં આવી ગયા હતા.

સ્પોર્ટસ વીકના અંતિમ દિને સરપ્રાઈઝઈવેન્ટનું આયોજન કર્યુ હતું. જેમાં ભાગ લીધેલ બાળકોની મમ્મીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં મમ્મીએ તેમના બાળકના અને બાળકે એમની મમ્મીના પોઝીટીવ ગુણો કહેવાના હતાં. આ ઈવેન્ટ પછી બાળક અને મમ્મી વચ્ચે ભેદ ઓછા થઈ ગયા. આ ઈવેન્ટમાં પૂજ્યશ્રીએ અચાનક હાજરી આપીને સરપ્રાઈઝઆપી હતી.

સ્પોર્ટસ વીક દરમ્યિાન બાળકો એકબીજાને ઓળખતા થયા, એકબીજાની નજીક આવ્યા, ટીમ વર્ક શીખ્યા, હારજીત સ્વીકારવાનું શીખ્યા, એકબીજાની શક્તિઓને ઓળખતા થયા.

આમ, હસતાં રમતાં ઘણું ઘણું શીખવાડી દેતું સીમંધર સીટીનું સ્પોર્ટસ વીક યાદગાર બની ગયું.

ગયા અંકની કલમ 'મારી સમજણ'નો પ્રતિભાવ

રમત એ ખેલદીલીનો ખેલ છે. રમત એ આનંદ મેળવવા માટે હોય છે નહીં કે ઝઘડવા માટે. આંમ, છતાં ક્રિકેટની રમતમાં થયેલો મતભેદ ટાળવા માટે બે માંથી એકે સમજવુ પડે. એટલે આ સંજોગોમાં હું તેમનો ગુસ્સો ઠંડો કરીશ. અને મારી જ ભૂલ થયાનો એકરાર કરીશ. હું તેમની સાથે અથડામણ ટાળીશ. હું તેની સાથે એડજસ્ટ થઈ તે વાતને ભૂલી ફરીથી રમવા માંડીશ. અથડામણથી બંનેને નુકસાન થાય છે. તે માટે એડજસ્ટ થઈ જવું સારું.

કિંજલ કોરડિયા
ધોરણ - ૮,રાજકોટ.

ક્રિડ્સ કેમ્પ

સ્થળ	૭ થી ૯ વર્ષ	૧૦ થી ૧૨ વર્ષ	સંપર્ક નંબર
સીમંધર સીટી	૫-૬ મે	૭-૮ મે	૦૭૯-૩૯૮૩૦૪૦૦
રાજકોટ	૧૯-૨૦ મે	૨૧-૨૨ મે	૯૯૨૪૩૪૩૪૭૮
જામનગર	૨૩-૨૪ મે	૨૩-૨૪ મે	૯૩૭૭૭૧૬૫૬૧
મુંબઈ	૨૪-૨૫ મે	૨૬-૨૭ મે	૯૦૨૨૩૩૯૩૨૩
વડોદરા	૧-૨ જૂન	૩-૪ જૂન	૯૮૨૫૦૩૨૯૦૧

રજીસ્ટ્રેશન ફી રૂ . ૧૦૦ - (નૉન રિફંડેબલ)

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.